




## સાબરમત્તી બે કાંઠે વહેતા પુલ પર નાગરિકોને અટકાવવા પોલીસ કામે લાગી

ધરોઈમાંથી સાબરમત્તીમાં સવાલાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા ગાંધીનગરના સિમાડાઓનો નઝારો બદલાયો હતો. આડા દિવસોમાં સુકી ભઠ્ઠ નજરે પડતી નદીના પટમાં એકાએક પાણીની આવક થતા નદીના પટમાં ખળખળ પાણી વહેતુ નજરે પડયુ હતુ. જેના પરિણામે નદીમાં સડસડાટ વહેતા પાણીના નઝારાને નિહાળવા માટે નગરજનોની ભીડ ઉમટી હતી. હાલ ભારે વરસાદના સંજોગોમાં એકબાજુ નદી વિસ્તારમાં નહીં જવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી રહી છે. ત્યારે આવા સંજોગોમાં સે-૩૦ નદીના બ્રિજ પર નદીના નઝારાને નિહાળવા માટે નાગરિકોની ભીડ જામી હતી. જો કે થોડીવારમાં જ આ ભીડને દુર કરવા પોલીસ તંત્ર કામે લાગી ગયુ હતુ. જયારે આ વિસ્તારમાં નદીને નિહાળવા આવતા નાગરિકોને આવતા અટકાવવા માટે પણ પોલીસ પહેરો લગાવી દેવાયો હતો. વરસાદી દિવસોમાં નદીકાંઠે અકસ્માત સર્જાવાની શક્યતાઓ પ્રબળ હોવાના લીધે તંત્ર દ્વારા નાગરિકોને સલામતીને ધ્યાને લઈ આવા ઠેકાણે ન જવા માટે અપીલ કરવામાં આવી છે. જયારે સેલ્ફી લેવાના ક્રેઝના લીધે પણ અકસ્માત થવાની શકયતા હોય છે. ત્યારે સાબરમતી નદી બન્ને કાંઠે વહેતી થતા નાગરિકો વરસતા વરસાદ વચ્ચે પણ નદીકાંઠે આવી પહોંચતા તેમને અટકાવવા માટે પુરતો બન્દોબસ્ત ગોઠવી દેવાયો હતો. જયારે અકસ્માતના સંજોગોમાં પુર્વ તૈયારીના ભાગરૂપે લાઈફ જેકેટ સાથે બચાવ કામગીરી હાથ ધરવા ટીમ પણ તૈનાત કરી દેવામાં આવી હતી.

# બેંક ખાતામાં આધાર લીંકના બહાને રૂ. ૯૦ હજારનો ચુનો

### સે-૩૦માં રહેતા એરફોર્સ જવાનના પત્નિને ફોન કરી બેંક અધિકારીની ઓળખ આપી છેતરપીંડી આચરી

ગાંધીનગર, તા.૨૫

બેંક ખાતામાં આધારકાર્ડ લીંક કરવું ફરજીયાત થયા બાદ બેંક અધિકારીના નામે ખાતેદારોને ફોન કરી આધાર લીંક કરવાના બહાને બેંકની તમામ વિગતો મેળવી લઈ ઓટીપી આધારે ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી ગેંગ સક્રિય થઈ છે. આ જ ગેંગનો ભોગ વધુ એક મહિલા બની છે. સે-૩૦માં રહેતા એરફોર્સ જવાનના પત્નિ સાથે આ ગેંગના સાગરીતે રૂ. ૯૦ હજારની છેતરપીંડી આચરી લેતા આ મામલે સે-૨૧ પોલિસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૩૦ ગોલ્ડન પાર્ક સોસાયટી ખાતે રહેતા અને સેકટર-૯ એરફોર્સમાં નોકરી કરતા જવાન રાકેશભાઈ સોમનાદાસ તિવારીની પત્નિને એસ.બી.આઈ. બેંકમાં ખાતું છે. ૧૧મી મે એ સાંજે જવાનની પત્નિના મોબાઈલ પર એસબીઆઈ બેંક અધિકારીના નામે ફોન આવ્યો હતો કે તમારા બેંક ખાતાને આધારકાર્ડ સાથે લીંક કરવાનું છે. આધાર કાર્ડની વિગતો મેળવ્યા બાદ બેંક ખાતાની વિગતો મેળવી આ શખ્સે ઓટીપી કોડ પણ લીધા હતા અને તબક્કાવાર બેંક ખાતામાંથી રૂ. ૮૯,૯૯૯ ઉપડી ગયા હતા. જવાનની ફરિયાદના આધારે સે-૨૧ પોલિસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.



## ચિલોડા સાચોળી વિસ્તારમાં કેડ સમા પાણી ભરાતાં રહીશોને પારાવાર હાલાકી

સમગ્ર જિલ્લામાં વરસાદી વાદળો મનમુકી વરસતા ચિલોડા પંથકમાં પાણી પાણી જોવા મળી રહ્યું છે. ૨૦મી જુલાઈ સાંજથી મેઘતાંડવના રોદ્ર સ્વરૂપ જણાતાં આકાશી આફતનો નજારો સર્જાયો છે. ત્યારે ચિલોડા પંથકમાં છેલ્લા ચાર દિવસથી એકધારો વરસાદની સવારી આવતાં હરહંમેશ અમદાવાદ જવાના માર્ગ નજીક આવેલ ઘરવિહોણાના ગરીબ પરિવારોના મકાનોમાં વસવાટ કરતાં નાગરિકો અતિ વરસાદના લીધે પાણી ભરાતાં પારાવાર મુશ્કેલીમાં મુકાય છે. આ વિસ્તારમાં સાચોળીની તલાવડી તરીકે ઓળખાતુ હતુ. જેમાં શિહોલીમોટી તરફથી પાણીનો વહેણ ચિલોડા તરફ આવી તલાવડી ભરાતા ગરનાળા દ્વારા ક્રોસમાં આવતુ હતુ. પરંતુ હાઈવે રોડ પાસેનું ગરનાળુ પુરાણ થતાં પાણીનો નિકાલ થતાં અટકી ગયુ. ત્યારબાદ હવે પાણી નીકાલના અભાવે અહીંયા પુષ્કળ પાણી ભરાતાં કાચા-પાંકા છાપરામાં રહેતાં ગરીબ પરીવારોને વરસાદી ઢીંચણસમા પાણી ભરાતાં ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ વિસ્તારમાં આંગણવાડીના મકાનમાં પાણી ભરાઈ ગયું હોવાથી બાળકો શાળામાં જઈ શકે તેવુ નથી. હાલમાં તમામ રહીશો પાણીમાં મકાનના દરવાજે પાણી ઉતરે અને નિકાલ થાય તેવી આશા સેવી રહ્યા છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં લવીંગ-મરી કલાકૃતિના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે કાચના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ આનંદભાઈ ઓઝા-૪, નિલકંઠ એપાર્ટમેન્ટ, ૫૭૭/૨, સે-૩૦ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના ભાગ્યેશભાઈ દવે ૧૯/૩, છ ટાઈપ, સે-૨૩ ખાતે કરવામાં આવશે.

● શ્રી રામધાવ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે વિવિધ બિસ્કીટના હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ ભાવિકકુમાર ડી. પાઠક ૪૩૩/૨, કિસાનનગર ખાતે યોજાશે.

### એક તરફ વરસાદ બીજી તરફ ચોરી

# ઝુંડાલના કલ્પતરૂ મીલેનીયમ પાર્કમાં તસ્કરોનો હાથફેરો

### બંધ મકાનમાં દરવાજાનાં નકુચા તોડીને ઘુસેલા તસ્કરો રૂ. ૧.૬૫ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા.૨૫

અડાલજ નજીક ઝુંડાલ ગામની સીમમાં આવેલા કલ્પતરૂ મીલેનીયમ પાર્કમાં રાત્રિ દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરો બંધ મકાનના દરવાજાના નકુચા તોડીને અંદર ઘુસી તિજોરી સાફ કરી ગયા હતા. તિજોરીમાંથી તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૬૫ લાખની મત્તા સાફ કરી રફફુચક્કર થઈ ગયા હતા. અડાલજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ઝુંડાલ ખાતે કલ્પતરૂ મીલેનીયમ પાર્ક સોસાયટીમાં મકાન નં. બી ૧૧૮માં રહેતા ભરતભાઈ મુળચંદભાઈ પરમાર ખાનગી નોકરી કરે છે. પાટણ ખાતે પોતાના વતનમાં તેઓ પરિવાર સાથે બે દિવસ પહેલા ગયા હતા. ગઈ કાલે સવારે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના આ બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી નાંખ્યો હતો. રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ ભરતભાઈના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર ઘુસીને તિજોરી તોડી હતી. તિજોરીમાં પડેલા સોના ચાંદીના દાગીના તથા રૂ. ૨૦ હજાર રોકડા મળી કુલ રૂ. ૧.૬૫ લાખની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ભરતભાઈએ ઘટના અંગે અડાલજ પોલિસને જાણ કરતા પોલીસ ડોગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.



## સે. ૬માં પડી ગયેલા વૃક્ષો હટાવાયા

ગાંધીનગરમાં સતત વરસી રહેલા વરસાદને પગલે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થવા પામ્યા છે. સેકટર-૬માં પડી ગયેલા વૃક્ષો રસ્તા વચ્ચે અડચણરૂપ બનતાં સ્થાનિક કોર્પોરેટર રાકેશભાઈ પટેલે તાત્કાલિક ધોરણે જેસીબી બોલાવી વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. વૃક્ષો માર્ગ પરથી હટી જતા વાહનચાલકો માટે રસ્તો ખુલ્લો થવા પામ્યો હતો.

## ગુજરાતી સુગમ સંગીતના સુપ્રસિદ્ધ વરિષ્ઠ ગાયિકા હર્ષિદાબહેન રાવલને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતી સુગમ સંગીતના સુપ્રસિદ્ધ વરિષ્ઠ ગાયિકા શ્રીમતી હર્ષિદાબહેન જનાર્દન રાવલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

વિજયભાઈ રૂપાણીએ ગૌરવ પુરસ્કાર સન્માનિત સ્વ. હર્ષિદાબહેનને ભાવાંજલિ આપતાં જણાવ્યું છે કે, ગુજરાતી ભાષાના ગીતો, ગરબા અને ભજનોમાં પોતાનો સુમધુર કંઠ રેલાવનારા હર્ષદાબહેનની સુગમ સંગીત યાત્રા સદાય અવિસ્મરણીય બની રહેશે.






હર હર મહાદેવ : શ્રાવણ મહિનાના પ્રારંભે શહેરના શિવાલયોમાં ભક્તિનું ઘોડાપુર આવ્યું. ભગવાન શિવજીના પૂજન-અર્ચન દ્વારા કૃપા મેળવવાનો અનેરો અવસર એટલે શ્રાવણની ભક્તિ. ભાવિકોએ મોટી સંખ્યામાં સોમવારે સાંજે મહાદેવજીની મહાઆરતી કરી હતી.

# શંકરસિંહને બ્લેકમેઈલ કરાશે તો કોંગ્રેસ બાપુના પડખે રહેશે

### પૂરગ્રસ્ત બધા વિસ્તારમાં રાહત અને બચાવ કામમાં લાગી જવા કોંગ્રેસ જિલ્લા કક્ષાએ કાર્યકરોને સૂચના આપી દેવાઈ

ગુજરાત કોંગ્રેસમાંથી વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ પક્ષ સાથેનો છેડો ફાડયા બાદ પ્રદેશ કોંગ્રેસની મહત્વની કારોબારીની બેઠક મળી હતી. જેમાં કેટલાક મહત્વના ઠરાવો પસાર કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, જે રીતે બાપુએ પક્ષમાંથી છેડો ફાડયો છે તે જોતાં ભાજપ દ્વારા કદાચ શંકરસિંહ વાઘેલાને બ્લેકમેઈલ કરાતા હોય તેવું બની શકે પરંતુ જો તેવું હશે તો તેવા સંજોગોમાં પણ કોંગ્રેસ બાપુની પડખે રહેશે. બીજીબાજુ, રાજયમાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂરની વિકટ પરિસ્થિતિમાં તમામ જિલ્લા કક્ષાએ કોંગ્રેસ કાર્યકરોને રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા પક્ષ તરફથી સૂચના આપી દેવાઈ છે અને કાર્યકરો લોકોની સેવામાં લાગી ગયા છે. ગેહલોતે વધુમાં ઉમેર્યુ કે, શંકરસિહ વાઘેલાની મુખ્ય ત્રણ માંગણીઓ હતી કે, એક તો તેમને ગુજરાતના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે, બીજુંકે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખને હટાવવામાં આવે અને રાજયની વિધાનસભા ચૂંટણીઓ માટે જે કોઈપણ ઉમેદવાર નક્કી કરાય તે તેમની સંમતિ મુજબ જાહેર કરાય..જો કે, બાપુની આ માંગણીઓ પક્ષ માટે અસ્થાને હતી કારણ કે, દેશના કોઈપણ રાજયમાં કોંગ્રેસના કોઈપણ સિનિયર નેતા આવી માંગણીઓ કયારેય થઈ નથી અને તેથી તે ગ્રાહ્ય રાખવાનો કોઈ પ્રશ્ન ન હતો.તેમણે એમપણ જણાવ્યું કે, બાપુનો એપીસોડ સીબીઆઈ અને ઈડીના દબાણવશ સર્જાયો હોય અથવા તો, જો કેન્દ્ર સરકાર ઈડી કે, સીબીઆઈ મારફતે શંકરસિહ પર ખોટા કેસ કરશે તો પણ કોંગ્રેસ બાપુની પડખે રહેશે.દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ધારાસભ્યોની બેઠકમાં બાપુએ રાજીનામુ આપ્યુ હોઈ તેમને આમંત્રણ આપવામાં આવ્યું નથી, બાકી, તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા સહિતના તમામ ધારાસભ્યોને આજની બેઠકમાં ઉપસ્થિત રહેવા અંગેનું સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું જ છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર કે જીગ્નેશ મેવાણી જેવા યુવા નેતાઓને કોંગ્રેસ ચૂંટણી ટાણે પક્ષમાં આવકારશે કે કેમ? એ મતબલના એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં સોલંકીએ ઉમેર્યું કે, આ યુવા નેતાઓ માટે કોંગ્રેસનો વિકલ્પ હંમેશથી ખુલ્લો રહ્યો છે. જે કોંગ્રેસમાં આવવા માંગતા તે તમામ માટે કોંગ્રેસના દ્વાર ખુલ્લા છે.

દરમ્યાન રાજયમાં ખાસ કરીને બનાસકાંઠા, સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની પરિસ્થિત અને અતિવૃષ્ટિને લઈ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ આજે સવારે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે વાતચીત કરી હતી અને તેમણે પૂરગ્રસ્ત વિસ્તારના લોકો માટે ભારે સંવેદના વ્યકત કરી હતી અને અસરગ્રસ્તો માટે રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા નિર્દેશ આપ્યા હતા. જેના અનુસંધાનમાં રાજયના તમામ જિલ્લાએ કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોની રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા સૂચના અપાઈ છે.



## ગુજરાતના જાણીતા ગાયિકા હર્ષિદા રાવલનું અવસાન

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના સુગમ સંગીતના પ્રતિભાવંત ગાયિકા હર્ષિદાબેન જનાર્દનભાઈ રાવલનું સોમવારે મોડી રાત્રે અવસાન થયું છે.

'એક લાલ દરવાજે તંબુ તાણીએ, મણિયારો, ભીતરનો ભેરુ મારો, એકલાં જ આવ્યા મનવા, એકલા જવાના...' જેવા અનેક લોકપ્રિય ગીતો દ્વારા ગુજરાતી સુગમ સંગીત, ગુજરાતી ફિલ્મ સંગીત તથા ભકિત સંગીતમાં તેમણે મોટું યોગદાન આપ્યું છે. ગુજરાત સરકારના ગૌરવ પુરસ્કાર સહિત અનેક પુરસ્કાર, એવોર્ડ-સન્માન તેમણે મેળવ્યા છે.

## ટેન્ડર નોટીસ

### સચિવાલય તાલીમ કેન્દ્ર (સ્પીપા)

**બ્લોક નં. ૧૬/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

સચિવાલય તાલીમ કેન્દ્ર (સ્પીપા) ગાંધીનગર દ્વારા આયોજીત જુદા-જુદા તાલીમ વર્ગોમાં આવતા તાલીમાર્થીઓને શુદ્ધ, સાત્વીક અને આરોગ્યપ્રદ સાદા ભોજનની સુવિધા આ તાલીમ કેન્દ્ર દ્વારા પુરી પાડવામાં આવે છે. નાણાંકીય વર્ષ-૨૦૧૭-૧૮માં (તા. ૧/૯/૨૦૧૭ થી ૩૧/૮/૨૦૧૮) માટે ભોજન સુવિધાનો કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી આ ક્ષેત્રમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા અને કેટરર્સ પાસેથી સાદુ ભોજન, રોટલી, દાળ-ભાત અને બે શાક (૧-કઠોળ અને ૧-સીઝનલ લીલા શાકભાજી, સલાડ, પાપડ, છાશ) તથા સ્પેશીયલ લંચ રોટલી, ૧-સ્વીટ, ૧-ફરસાણ, દાળ-ભાત (સારી જાતના) અને બે શાક (૧-કઠોળ અને ૧-સીઝનલ લીલા શાકભાજી, સલાડ, પાપડ, છાસ અને નાસ્તા) અત્રે સંસ્થા ખાતે પૂરા પાડવા માટેના ભાવ પત્રકો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. રસ ધરાવતા કેટરર્સ તેઓના ભાવપત્રક કચેરીના કામકાજના દિવસો દરમિયાન તા. ૮/૮/૨૦૧૭ સુધીમાં સવારે ૧૦.૩૦ થી બપોરના ૨.૦૦ કલાક દરમિયાન સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી પહોંચાડવાના રહેશે. ભોજન સામગ્રી આ તાલીમ કેન્દ્ર ખાતે લાવીને પુરું પાડવાનું રહેશે.

સદરહુ ભાવ પત્રકો તા. ૧૪/૮/૨૦૧૭ના રોજ સવારે ૧૨.૦૦ કલાકે ભાવ ભરનાર પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. આ દરમિયાન ગેરહાજર રહેનાર પાર્ટીઓના ભાવપત્રકો ખોલવામાં આવશે નહીં અને તેઓના ભાવપત્રકો આપો આપ રદ થયેલા ગણાશે. (સરકારી નિયમો મુજબના તમામ રજીસ્ટ્રેશન / લાયસન્સ ધરાવતા હોવા જરૂરી છે. જેની અસલ નકલ ભાવ પત્રક ખોલવા સમયે સાથે રાખવાની રહેશે.

**સ્થળ : સચિવાલય તાલીમ કેન્દ્ર ગાંધીનગર** — **સહી/-**
**તારીખ : ૨૪/૭/૨૦૧૭** — **(ભક્તિ શામળ)**
**માહિતી/૧૧૫૮/૧૭-૧૮** — **નાયબ સચિવ**